# Fun with Family

Day-11 | 09/04/2020



**મછલી જલકી રાની હે**
**એસી હમારી કહાની હે**
**બહાર નિકલનેકી મનાઈ હે...**
**યે રહા Fun With Family**
**કા કાર્યક્રમ..**

આજે ઘરમંદિર સામે
૧૧ દંડવત્ કરતા કરતા પ્રાર્થના
કરીશું કે, હે મહારાજ! હે સ્વામી!
અમારા ગુના માફ કરજો અને અમારી
આ મુશ્કેલીમાંથી રક્ષા કરજો.

## ‘દર્શનયાત્રા’

મિત્રો, ચાલો જલ્દી તૈયાર થઈ જાઓ.
આપણે દિલ્હી અક્ષરધામ ફરવા જઈએ
છીએ... નીચેની લીંક દબાવો અને
દિલ્હી અક્ષરધામની Tour - Free માં મેળવો.



https://bit.ly/2Xrkwz7



મિત્રો, થોડો
‘મુખપાઠ’ થઈ જાય...

https://bit.ly/3e7JHN1



Now it’s time for
‘સત્સંગ વિહાર ક્વીઝ’.


https://bit.ly/3a05TW8 | Gujarati

https://bit.ly/3bZLGks | Hindi

https://bit.ly/2XgLZDv | English

# મમ્મીને મદદ

આજે મમ્મીની મદદ લઈને ઘરના બધા જ સભ્યોની 'નિત્યપૂજા'ના કાપડ ધોઈશું - સુકવીશું - ઈસ્ત્રી કરી આપીશું.
(કાપડ = આસન, ગૌમુખી, પાથરણું વગેરે..)






## “પરિવાર સેવક”

આજે આપણે 'સેવક' બનવાનું છે... રાત્રે ઘરના બધા સભ્યોને પથારી કરી આપીશું... ઓઢાડીશું... સવારે બધાની પથારી સંકેલી આપીશું.

ચાલો, હવે અજબ-ગજબનું લિસ્ટ બનાવીએ. ઘરમાં રહેલી લાકડાની, પ્લાસ્ટિકની, લોખંડની, સ્ટીલની એમ દરેક પ્રકારની પાંચ વસ્તુના નામનું લીસ્ટ બનાવો



# Fun Zone




હવે Professional Artist બનીએ...
નીચેની લીંક ઉપર ક્લીક કરો અને
3D Art કરતા શીખો...
મહેનત કરશો તો જરૂર આવડી જશે.

https://bit.ly/2Rq1jKi

હવે પપ્પાની પાસેથી
**'ઈસ્ત્રી કરતા શીખો'.**
(શર્ટ, પેન્ટ, ટીશર્ટ, રૂમાલ, વગેરે...)



## 'દોરડા ખેંચ'

પરિવારના સભ્યોની બે ટીમ પાડો અને દોરડા ખેંચ રમત શરૂ કરો...
જોઈએ કોનામાં કેટલી તાકાત છે...



દમ લગા કે.... હૈસા

# Calendar Search

SUN MON TUE WED THU FRI SAT

**અહીં આપેલા પ્રશ્નોના જવાબ ૨૦૨૦ના કેલેન્ડરમાંથી શોધી આપો...**
**Be a smart boy/girl.**

Q. 1 - યોગીજી મહારાજનો જન્મદિવસ ક્યારે આવે છે?

Q. 2 - ૨૬ મે ના દિવસનો મહિમા શું છે?

Q. 3 - જૂન મહિનામાં રથયાત્રા છે?

Q. 4 - જુલાઈનો સૌથી મોટો ઉત્સવ કયો છે?

Q. 5 - બહેને ભાઈને રાખડી કઈ તારીખે બાંધવાની છે?

Q. 6 - 'ગણપતિબાપા... મોરયા' ક્યારે છે?

Q. 7 - મહંતસ્વામી મહારાજનો જન્મદિવસ કઈ તારીખે ઉજવવાનો છે?

Q. 8 - 'Happy Diwali' કઈ તારીખે કહીશું?

Q. 9 - વડોદરામાં આ વર્ષે પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતી કઈ તારીખે ઉજવાશે?



# ‘ટીનુને ચાંદલો’


ચાલો, તૈયાર થઈ જાઓ...
‘Family Game’ માટે...
રમતનું નામ છે - ‘ટીનુને ચાંદલો’
લીંક દબાવો અને રમત શીખો.

https://bit.ly/39TrnUj

## My Guru, My Life

ચાલો, હવે ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આપણને અધિવેશનમાં જે લાભ આપ્યો હતો તેની વીડિયો જોઈને નીચેના પ્રશ્નોના જવાબ આપીશું.

https://bit.ly/2XhlVIl



Q. 1 ઉદ્‌ઘાટન સભામાં આપણને બાળકોને ઉદ્‌બોધી મહંતસ્વામી મહારાજ શું બોલ્યા?

Q. 2 પરમપૂજ્ય મહંતસ્વામી મહારાજ નિર્ણાયક બનીને નિર્ણય આપે છે તે બોર્ડમાં શું લખ્યું છે?

Q. 3 સારંગપુરથી બાળકો બીજા કયા મંદિરના દર્શન કરવા ગયા હતા?

Q. 4 ‘માયા સાથે શું કરવું?’ આ પ્રશ્નમાં સ્વામીશ્રીએ શું એક્શન કરી જવાબ આપ્યો?

Q. 5 છેલ્લે દિવસે સ્વામીશ્રી ઉતારે પધારતા હતા ત્યારે શું એક્શન કરી? અને તેના દ્વારા કયો મેસેજ આપ્યો?

બાળમિત્રો, આ પ્રશ્નો પરિવારના દરેક સભ્યને પૂછીશું..

# રંગબેરંગી પતંગિયાંઓનું જગત



ફૂલડાં અને છોડવાં પર ભમતાં રંગબેરંગી પતંગિયાં બાળકોને ખૂબ ગમે. એને જોઇ બાળકનું કુતૂહલભર્યું મન જિજ્ઞાસાની પાંખો ફફડાવી પતંગિયા સંગે ઊડવા મંડે.

દુનિયાના સર્જનહારે ચિત્રકાર બનીને પતંગિયાની પાંખોમાં ગજબના રંગો ભર્યા છે. ભગવાને એની રચના, આકાર અને રંગોમાં અજબ કારીગરી કરી છે. તો બાળમિત્રો ! આવો, આપણે આવાં સુંદર પતંગિયાં વિશે થોડું જાણીએ.



- કોમન બર્ડ વિંગ ભારતનું સૌથી મોટું પતંગિયું છે. તેની પાંખોનો વિસ્તાર ૧૯૦ મિલીમીટર હોય છે. આ એક સૌથી સુંદર પતંગિયું છે. તેની આગળની પાંખો સોનેરી અને તેની કિનારી કાળી હોય છે. તે ભારતનાં લીલાંછમ, ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પર્વતોમાં જ મળી આવે છે.
- ભારતમાં અત્યાર સુધીમાં નોંધાયેલ પતંગિયાંની ૧૪૦૦ જાતો પૈકી ગ્રાસ જવેલ સૌથી નાનું પતંગિયું છે. તેની પાંખો માત્ર ૧૫ મિલિમીટરની હોય છે.
- પતંગિયાના જીવન-ચક્રની ઘટના ખૂબ જ રસપ્રદ છે. તે ઈયળ તરીકે ઈંડાનું સેવન કરે છે. તેમાંથી તેનું ટ્યૂયામાં (કોશેટામાં) પરિવર્તન થાય છે. અને છેલ્લે પતંગિયાનો ઉદ્ભવ થાય છે.

- પતંગિયાનું જીવન ખૂબ ટૂંકુ હોય છે. તે વધુમાં વધુ એક અઠવાડિયું જીવી શકે છે. તેના દુશ્મનો ઘણા છે. પતંગિયું એક જગ્યાએ વધુ વાર બેસી રહે, તો તેના દુશ્મનનો શિકાર બની જાય છે.
- પતંગિયાની કેટલીક જાતો અમુક સ્થળો પૂરતી સ્થાનિક હોય છે. જ્યારે બીજી જાતો વિશ્વના ઘણા દેશોમાં જોવા મળે છે. બ્રાઝિલમાં વિશ્વના સૌથી વધુ સંખ્યામાં પતંગિયાં જોવા મળે છે.
- પતંગિયાનો અભ્યાસ કરનાર વ્યક્તિને 'લેપિડોપ્ટરિસ્ટ' કહે છે. પતંગિયાની પાંખોમાં વિવિધ રંગી જુદી-જુદી ડિઝાઈન હોય છે. જેના આધારે તેમને કાલ્પનિક નામો આપવામાં આવ્યાં છે. જેમ કે વાઘ, વૃક્ષ-પરી, સોનેરી દેવદૂત, ચિતરેલી સ્ત્રી, લાલ હેલન અને વાદળી જવાલ વગેરે પતંગિયાંનાં કાલ્પનિક નામો છે.

વિચારવા જેવું :



- અલ્પજીવી પતંગિયાં ભલે થોડું જીવે છે, છતાં પોતાની સુંદરતાથી કુદરતને શણગારે છે. તેમ આપણે પણ સુંદર જીવન જીવી વિશ્વને શણગારીએ.
- પતંગિયાંમાં જેમ વિવિધ પુષ્પોમાંથી રસ મેળવે છે, તેમ આપણે પણ 'સારું તે મારું' ઉક્તિ પ્રમાણે સૌમાંથી સદ્ગુણો મેળવીએ.





# Niagara Falls



There are many wonders of the world. To name a few: The Great Pyramids of Giza, The Hanging Gardens of Babylon, The Taj Mahal, and even our Delhi Akshardham. All these wonders of the world have one thing in common – they were made by man. So, what about the natural wonders, the ones made by God? Places such as the Himalayas, the Grand Canyon, and the rainforests are natural wonders of the world. One of the most visited natural wonders of the world is the Niagara Falls. It is also known as Horseshoe Falls because of its horseshoe shape.

Niagara Falls is a huge waterfall, measuring over 3000 ft. long and 176 ft. high. Over 750,000 gallons of water per second flows over its' edge! Niagara Falls is named after a Native American word Onguiaahra, meaning 'the Strait'. It is known all around the world for its vastness and beauty. It has an amazing history.

Niagara Falls stopped flowing on 29 March, 1848 when an ice jam on the upper river hampered any water from reaching the falls.

Every night, Niagara Falls is illuminated by coloured lights, which enhance the beauty of the majestic falls.

Twenty percent of all the freshwater in the world is in the Great Lakes and most of that flows over the Falls.

A hydroelectric plant built on the Niagara River gives out up to 4.4 million kilowatts (five million horsepower) of power.

Over the years many daredevils have tried to cross the Niagara Falls, both deliberately and accidentally. The first person ever to go over and survive was a 63-year old schoolteacher, Ann Taylor. She went over the falls in a wooden barrel and only got bumps and bruises! The next person to try was Bobby Leach in a steel barrel; he survived, but broke both his kneecaps in the process. In 1985, Robert Overcracker rode a jet ski to the edge of the Falls and jumped off to promote awareness of the homeless. Unfortunately, his parachute did not release and he plunged to his death. The most recent and amazing of the daredevils is Kirk Jones who went off the falls from Canada in nothing but the clothes on his back. He survived but received a fine for $2,300 and was banned from Canada for the rest of his life!

Pramukh Swami visited the Niagara Falls during his 1974 tour of North America. After visiting Niagara Falls, Swamishri wrote in a letter to the London Yuvak Mandal, "No wonder in this world can equal the three wonders, Maharaj, Swami and Yogiji Maharaj. After seeing them nothing else remains to be seen."



















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
“Fun with Family” ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2xfbvOD



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



ઉધરસ/છીંક આવે
તો રૂમાલ રાખીને ખાશો.



ઘરમાં એકબીજા સભ્યોથી
દૂર રહો.



દર ૨૦ મિનિટે સાબુથી
ઘસીને હાથ ધોઈ
નાંખશો.



ઘરની બહાર નીકળવું
નહિ.



આંખ, મોઢું, નાકને સ્પર્શ
કરવાનું ટાળો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફસ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org


પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ